# વૈદિક જ્યોતિષ સંસ્થાન રજી.

‘વિશ્વકુંજ’ ૧૨૧ / ૪૪-ડી, સેક્ટર-૧, ચારકોપ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૬૭.

૯૩૨૨૨ ૬૧૭૦૯ ઈ-મેલ : vjtvv1@gmail.com

## આકાશ દર્શન

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા આયોજીત નક્ષત્રૌ તથા ગ્રહોના દર્શનનો કાર્યક્રમ ટેલિસ્કોપોની તથા કોમ્પ્યુટર પ્રોજેક્ટરની મદદથી રોમાંચકારી આયોજન કરવામાં આવેલ છે, જ્યોતિષ ના જીજ્ઞાસુ ઓને આખી રાતના આ કાર્યક્રમમાં આમંત્રણ છે, કાર્યક્રમમાં દ્રગ પ્રત્યક્ષ તેમજ દ્રશ્ય શ્રાવ્ય દ્વારા આકાશના ગુઢ રહસ્યોની વિવિધ નક્ષત્રો દ્વારા રચાતી આકૃતિ તેમજ રાશિઓની ઓળખ સંસ્થાના વિદ્વાનો ના પ્રવચનો દ્વારા આપવામાં આવશે .

સમય : તા. ૦૯-૦૪-૨૦૨૨ શનિવારે સવાર ૧૦:૦૦ બોરીવલી પહોચવાનું રહેસે કાર્યક્રમ તા ૧૦-૦૪-૨૦૨૨ રવિવારે સવારે ૦૭:૩૦ સુધીનો રહેસે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા દરેક વિધ્યાર્થીએ અભ્યાસના કેન્દ્ર ખાતેથી પોતે તથા સાથે આવનાર નું નામ નોંધાવી બિલ્લો મેળવી લેવો,

સાથે લાવવામાં આવેલ વ્યક્તિની સંપૂર્ણ જવાબદારી લાવનાર વિધાર્થી સભ્યની ની રહેશો,

### જરુર મુજબ ટોર્ચ, તથા સ્વેટર સાથે રાખવું

---

**09th APRIL 2022 WOLSON HILL ,DHARAMPUR, VALSAD, GUJRAT.**




**Watch.www.vedicjyotishsansthan.com 2022 year tara darsan photo. Pto**

# આકાસ દર્શન

પૃથ્વીની ગતિ પશ્ચિમથી પૂર્વ તરફની હોવાથી બ્રહ્માડં માં રહેલ ગ્રહો તથા નક્ષત્રો પૂર્વથી પશ્ચિમ તરફ આવતા દેખાય છે. આપણે વિષુવવૃત ઉપરથી ઉત્તર તરફ જઇએ તેમ તેમ ઉત્તર ધ્રુવ ઊચોં દેખાય છે. માટે ભારતના ઋષિમુનિઓએ મેરુ પર્વતને ધ્રુવ સ્થાન તરીકે કલ્પ્યો છે. પૃથ્વી ધ્રુવતારાના ધરી બિંદુ પ્રમાણે પોતાની ધરી પર ભ્રમણ કરે છે.તારા નક્ષત્રો જ્યોતિષ ભચક્રના સહારે સૂર્યાદિ ગ્રહો ભ્રમણ કરે છે.

પૃથ્વીના પૃષ્ઠભાગ ઊંચે જે આકાશ છે તે પાચં થરોનું બનેલુ છે,૧) આકાશ,૨) અવકાશ, ૩) અંતરિક્ષ, ૪) ધુ  અને ૫) નભ આ નામો આકાશની જુદી જુદી પ્રકારની સ્થિતિ ઓ પરથી પાડવામાં આવેલ છે જે પૃથ્વી તેમજ પૃથ્વી વાસી તમામ જીવોનું રક્ષણ સૂર્યના પ્રખર અને વિનાશક કિરણો શોષી ને એટલે પચાવીને   કરે છે.
આ વાતને આધુનિક વિજ્ઞાનિકો એ ઋતુના પ્રભાવવાળું પહેલું આકાશ (ટ્રોપોસ્ફિયર Troposphere) જે ધરતીથી ઊંચે પચ્ચીસ કિલોમીટરે આવેલું છે ત્યાર પછી બીજું અવકાશ (સ્ટ્રેટોસ્ફિયર Stratosphere) માં ઋતુ પ્રભાવ અને તાપમાન ન્યૂન છે, ત્યાં વાયુ અને બરફ આવેલા છે જે ધરતીથી સીત્તેર કિલોમીટર ઊંચે છે, આ સ્તરે ઓઝોનના કારણે તાપમાન વધે છે.ત્રીજું અંતરિક્ષ (મેસોસ્ફિયર Mesosphere) જે ધરતીથી ચારસો કિલોમીટરની ઊંચાઈ સુધી છે. આ સ્તરમાં પરમાણું પરિર્વતન થતું હોવાને કારણે પરમાણું વિજળીયુક્ત સ્થિતિમાં રહે છે.ચોથું ધુ (થર્મોસ્ફિયર Thermosphere) પૃથ્વી એક હજાર કિલોમીટર સુધી હોય છે. એટલે વિધુત ચુંબકીય તરંગ અને ધ્વનિતરંગ  પૃથ્વી તરફથી પ્રસારિત થાય છે, ત્યાંથી પૃથ્વી તરફ પાછા ધકેલાય છે. આ કારણે રેડિયો, ટેલિવિઝન વગેરે ક્રિયા સંપન્ન થાય છે. પાંચમું નભ (એક્ક્ષોસ્ફિયર Exosphere) આમાં તાપમાન ઉષ્ણ હોય છે. વળી તે પૃથ્વીથી દસ હજાર કિલોમીટર સુધી હોય છે . અહીં સુધી પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ રહે છે . આમ તો વેદો મા આકાશના સત્તર સ્તરો કિધા છે.સૂર્યના સિધા કિરણો કોઈ પણ અવરોધ વગર પૃથ્વી પર પડેતો કોઈ જીવ જીવીત ન રહી શકે.ભારતના ખગોળ શાસ્ત્રી ભાષ્કરાચાર્યે ભૂવાયુ ના આવરણોનો ઉલ્લેખ કરેલો છે.જે વિધુત, મેઘધનુષ્ય, સિદ્ધ, વિધાધર અને મેઘવાદળ નામના ભૂવાયુ કિધા છે.

પૃથ્વી ના ગોળા પરની મધ્ય આડી રેખા ને વિષુવવૃત્ત કહેવાય છે જેની ઉપર તરફનો ભાગ ઉત્તર ધ્રુવ અને ઉત્તર દિશા છે. તથા નીચે તરફનો ભાગ તે દક્ષિણ ધ્રુવ તથા દક્ષિણ દિશા છે .

ઉત્તર દક્ષિણ ધ્રુવ બિંદુને જોડતી વચલી કલ્પીત રેખાને ધરી કહેવાય છે.

પૃથ્વી ગોળાકાર પૃષ્ઠ પર દોરવામા આવતી ઉભી રેખાને રેખાંશ (લૉઝિંટ્યુડ) કહેવાય છે.

પૃથ્વીના ગોળાકાર પૃષ્ઠ પર દોરવામા આવતી પૂર્વ પશ્ચિમ રેખાને વિષુવવૃત્ત કહેવાય છે તથા આ રેખા ની ઉત્તરના ભાગ ને ઉત્તર ગોળાર્ધ તેમજ દક્ષિણ તરફના ભાગને દક્ષિણ ગોળાર્ધ કહેવાય છે. આ વિષુવવૃત્ત ની બન્ને તરફની આડી રેખાઓને અક્ષાંશ(લૅટીટ્યુડ) કહેવાય છે.

વિષુવવૃત્તના કોઇપણ બિંદુથી ધ્રુવો નું અંતર નેવું અંશ જ હોય છે.

## આકાશ દર્શન કાર્યક્રમ ની રૂપરેખા

**બપોરે પહોચ્યા બાદ ૨૦૨૨ આકાશ દર્શનનો સમય સાંજે ૦૫:૩૦ કલાકે શરુથશે.ખગોળના કાર્યક્રમની ટુંકીસમજ પછી સાંજના ૧૮:૩૦  ચંદ્ર દર્શન, ચંદ્રની કળાઓ પર દ્રષ્ય શ્રાવ્યનોકાર્યક્રમ ૨૦:૩૦ કલાક સુધી, આ સાથે નક્ષત્રોની સમજ અને નક્ષત્રોની અગત્યતા વિષે પ્રવચન અને આકાશ ગંગાઓનો પરિચય કરાવવામા આવશે. પૃથ્વી પર થી નરી આંખે દેખાતા તેજસ્વી તારા તથા તારાંગણો અને તેઓ દ્વારા બનતી નક્ષત્રો અને રાશિઓની આકૃતિ ઓનો પરિચય  આખી રાત્રી દરમ્યાન  ગ્રહોની નક્ષત્રોની અસરો પર વિદ્વાનોના પ્રવચન અને વિધ્યાર્થીઓની કાર્યક્રમને લગતી જીજ્ઞાષા સંતોષવામા આવશે ૦૩:૩૦ શનિ, મંગળ, શુક્ર અને  ગુરુગ્રહ દર્શન ત્યાર બાદ રવિવારે સવારે ૦૭:૩૦ વાગ્યે ઘર તરફ પ્રયાણ. (કાર્યક્રમ દરમ્યાન ચા,કોફી તથા અલ્પાહાર ની તથા ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.) વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા જ્યોતિષ અને વાસ્તુના નિ:શુલ્ક વર્ગો ગુજરાતી અને હીન્દી ભાષામાં બોરીવલી તથા મલાડ  ખાતે ચલાવવામાં આવે છે.   શુક્ર**

**જ્યોતિષ શિખો સ્વનું તથા લોકોનું કલ્યાણ કરો.**

**શસસ્ત્રોમાં જ્ઞાન દાનને શ્રેષ્ઠ દાન કહેવાયુ છે અને આ સંસ્થાનું એ ધ્યેય છે.**